
# શિવ અવતરણ મહોત્સવ



તા.૨૪-૦૩-૨૦૧૩, રવિવાર | સાંજે : ૫-૩૦ કલાકે

સ્થળ : ખાંડ બજાર, પોદાર આર્કેડની બાજુમાં, વરાછા, સુરત

## પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય

## પરમાત્માના અવતરણનો ઉચિત સમય

સતયુગ, ત્રેતાયુગ, દ્વાપરયુગ અને કળિયુગ-ચારે યુગોનું એક સૃષ્ટિચક્ર હોય છે. તેમાં મનુષ્યાત્માઓના ઉત્થાન અને પતનનો ઇતિહાસ રંગભૂમિના નાટકની જેમ ભજવાય છે. સૃષ્ટિચક્રના આરંભમાં સતયુગી શ્રેષ્ઠાચાર દેવી-દેવતાઓની સૃષ્ટિ હોય છે. ત્રેતા અને દ્વાપરયુગની સમાપ્તિ બાદ કળિયુગના અંતિમ સમયે ભ્રષ્ટાચારી તમોપ્રધાન સૃષ્ટિનો અંત આવે છે. 'શ્રીમદ્ ભગવદ્ગીતા'માં વર્ણવેલાં કળિયુગના અંતના લક્ષણો ચોતરફ દેખાય છે. માનવાત્માઓ અનેક સમસ્યાઓ, ભય, હિંસા, દુષ્કર્મો, આતંક અને ભ્રષ્ટાચારથી ત્રસ્ત છે. આ સમય જ ધર્મગ્લાનિનો છે. જીવનમુક્તિદાતા, સર્વશક્તિવાન અને વિશ્વકલ્યાણકારી પરમાત્માના અવતરણ માટે આ અતિ ઉચિત અને શ્રેષ્ઠ સમય છે.

### સમયનો સાદ



# પરમાત્મા કોને કહી શકાય ?

**સર્વ ધર્મની આત્માઓના પિતા**
**પરમપિતા પરમાત્મા શિવ**



● જે સર્વોચ્ચ હોય, જેનો વિશ્વની સર્વ આત્માઓ પરમપિતા પરમાત્મા તરીકે સ્વીકાર કરે. ● જે સર્વ આત્માઓના ભાગ્યવિધાતા, સર્વશક્તિમાન, ત્રિકાળદર્શી અને ત્રિલોકીનાથ હોય. ● જે બ્રહ્મા, વિષ્ણુ, શંકર અને સર્વ દેવી-દેવતાઓના રચયિતા અને પાલનહાર હોય. ● જે સુખ, શાંતિ, આનંદ અને પ્રેમના સાગર હોય. ● જે સર્વ આત્માઓના કલ્યાણ કરનારા તેમજ મુક્તિ-જીવનમુક્તિના દાતા હોય. ● જે જન્મ અને મરણથી રહિત હોય તેમજ નવી સૃષ્ટિના સર્જન, પાલન તેમજ વિસર્જનના કર્તવ્ય માટે નિમિત્ત હોય.

# સર્વ દેવો અને ધર્મો દ્વારા સ્વીકૃત એક પરમાત્મા શિવની સત્તા

શ્રીરામચંદ્રજીએ રાવણના સંહાર પૂર્વે જ્યોતિર્લિંગમ્ શિવ (રામેશ્વર)ની પૂજા કરી હતી. શ્રી કૃષ્ણે મહાભારત યુધ્ધ શરૂ થતાં પહેલાં નિરાકાર શિવલિંગની પૂજા-અર્ચના કરી શક્તિ પ્રાપ્ત કરી હતી. શ્રી શંકરને સદાશિવનું ધ્યાન ધરતા દર્શાવ્યા છે. ઈસ્લામ ધર્મમાં એક અલ્લાહ (ઈશ્વર)ને 'નૂર-એ-ઈલાહી' અર્થાત્ તેજોમય સ્વરૂપે દર્શાવ્યા છે. ખ્રિસ્તીધર્મના પયગંબર ઈશુ ખ્રિસ્તે 'સુપ્રિમ ગૉડ' (પરમાત્મા)ને 'ગૉડ ઈઝ લાઈટ' કહી પ્રકાશ સ્વરૂપે વર્ણવ્યા છે. શીખ ધર્મના સ્થાપક ગુરૂ નાનકે પરમાત્માને 'એક ઓમ્ કાર, સત્‌નામ, નિરાકાર, અજોનિ, અકાલમૂર્ત' તરીકે ઓળખાવ્યા છે.




પરમાત્મા સર્વ આત્માઓના પરમપિતા છે
જેમને કોઈ ઈશ્વર તો કોઈ ભગવાન કહે છે
હિન્દુ ધર્મમાં નિરાકાર પરમાત્મા
જ્યોતિર્લિંગના રૂપમાં પૂજાય છે.
તે જ અન્ય ધર્મોમાં પણ નિરાકાર પરમાત્
જ્યોતિ સ્વરૂપ માનવામાં આવે છે

# ધર્મગ્લાનિ અને સમયનો સંકેત

'શ્રીમદ્ ભગવદ્ ગીતા' માં આપેલ વચન અનુસાર - જ્યારે જયારે આ સૃષ્ટિપર ધર્મગ્લાનિ (અર્થાત્, અધર્મ-અનીતિ-ભ્રષ્ટાચાર) અતિમાં હશે ત્યારે હું ગુપ્ત રીતે (પરકાયા પ્રવેશ કરીને) બ્રહ્માતન દ્વારા અવતરણ કરીશ.. પુરાણી, જર્જરિત, તમોપ્રધાન સૃષ્ટિનું વિસર્જન અને નૂતન સતધર્મની દુનિયાનું સર્જન કરીશ'

વિશ્વમાં ચોતરફ અશાંતિ, દુ:ખ, પારાવાર આપત્તિઓ, ભ્રષ્ટાચાર, શોષણ, અન્યાય વિગેરેની અતિ તથા વિનાશકારી અણુશસ્ત્રોની શોધ અને પ્રકૃતિની પારાવાર આફતો યુગપરિવર્તન અને પરમાત્મા દ્વારા થનાર સર્જન-વિસર્જનના કર્તવ્યનો અણસાર આપે છે.




# પરમાત્મા શિવ અવતરિત થઈ ચૂક્યા છે

હે પ્રિય આત્મીય બંધુ-ભાઈ બહેનો, આપણા સર્વના કલ્યાણકારી શિવ પરમાત્માનું અવતરણ એક સાધારણ માનવતન (બ્રહ્મા) દ્વારા અવિનાશી ભારત ભૂમિપર થઈ ચૂકયું છે. વર્તમાન સંગમ સમયે તેઓ સર્વ આત્માઓને ગીતાજ્ઞાન તથા સહજ રાજયોગ (મેડિટેશન) નું શિક્ષણ આપી અધર્મનો વિનાશ અને સતધર્મની પુન:સ્થાપના માટે પતિત આત્માઓ તથા પતિત સૃષ્ટિને પાવન બનાવી યુગપરિવર્તનનું દિવ્ય કર્તવ્ય કરી રહ્યા છે.



# ઉદ્દેશ અને સ્વદેશ

માનવ જીવનનો અંતિમ ઉદ્દેશ છે - પ્રભુમિલન- પ્રભુમિલન અર્થાત્ આત્મસ્મૃતિમાં રહી પિતા પરમાત્મા સાથે સ્નેહસંબંધ બાંધી મુક્તિ અને જીવનમુક્તિના અધિકારને પાત્ર બનવું તે.

સાંજ પડયે જેમ પક્ષીઓ પોતાના માળા પ્રતિ પાછાં ફરે છે તેમ સર્વ આતમ-પંછીઓ માટે જ્યાંથી આ સૃષ્ટિ પર આવ્યાં ત્યાં - મૂળવતન- પરમધામ પ્રતિ પ્રયાણ કરવાની વેળા આવી ગઈ છે. સર્વ કર્મબંધનોની જાળમાંથી મુક્ત બની આપણે સૌએ મહાયાત્રાનો આરંભ કરવાનો છે.

# પરમાત્માનો સંદેશ અને યુગપરિવર્તન કાર્ય

આપણા સૌના પરમપ્રિય પરમપિતા શિવ પરમાત્મા સંદેશ આપી રહ્યા છે, ''હે મારાં પ્રિય બાળકો, વર્તમાન કળિયુગી સૃષ્ટિનો અંત નજદીક ભવિષ્યમાં નિશ્ચિત છે. ભારતભૂમિ પુનઃ દેવભૂમિ બનશે. વર્તમાન સંગમયુગના મૂલ્યવાન સમયનું મહત્ત્વ જાણી, સ્વયંને આત્મા સમજી મુઝ પરમાત્માની સ્મૃતિમાં રહી પાવન બનો'' અત્યારે નહિ જાગીએ તો પછી શ્રેષ્ઠ ભાગ્યથી વંચિત રહી જવાશે. પરમાત્મા પિતા દ્વારા પ્રાપ્ત સત્યુગી સ્વરાજ્ય પ્રાપ્ત કરવાનો અધિકાર રખે ચૂક્તા - આ અમૂલ્ય અવસર છે.




## બ્રહ્માકુમારીઝ

પરમાત્મા શિવના અવતરણ દ્વારા ૧૯૩૭માં સ્થાપવામાં આવેલ આ સંસ્થાનું નામ પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય છે. વિશ્વભરમાં ૧૩૯ દેશોમાં સ્થપાયેલાં ૮૫૦૦ સેવાકેન્દ્રો દ્વારા લાખો ભાઈ-બહેનો પરમાત્માના શ્રેષ્ઠ કાર્યમાં સહયોગી બની ચૂક્યાં છે. સંસ્થાનું મુખ્યાલય માઉન્ટ આબુ રાજસ્થાનમાં આવેલ છે, જ્યાંની ફક્ત એકવારની જ મુલાકાત ઈશ્વરના કર્તવ્યની ઝાંખી કરાવી દે છે.

- આધ્યાત્મિક ક્રાંતિ દ્વારા નિશ્ચિત વ્યક્તિ અને સમષ્ટિનું પરિવર્તન
- ઘોર અજ્ઞાન-અંધકાર ભરી રાત્રી જશે પુનઃ પ્રગટશે સુવર્ણ પ્રભાત

જીવનમાં પરમાત્મ જ્ઞાન દ્વારા સુખ-શાંતિ મેળવવા

આસ્થા Awakening with Brahma Kumaris

Time : 7-10 pm to 7-50 pm

તા.૨૪-૦૩-૨૦૧૩, રવિવાર | સાંજે : ૫-૩૦ કલાકે

સ્થળ : ખાંડ બજાર, પોદાર આર્કેડની બાજુમાં, વરાછા, સુરત



**આયોજક : પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય**

૯૪-૯૫, સૈફી સોસાયટી, લંબે હનુમાન રોડ,
વરાછા ઝોન ઓફીસની બાજુમાં, સુરત. ફોન : (૦૨૬૧) ૨૫૪૦૦૬૪